Registration No.: RCS/32/2013
Filing No.: RCS/32/2013
Filed On: 30/09/2013
Registered On : 30/09/2013

**IN THE TALUKA COURT AT DAKOR**

**REGULAR CIVIL SUIT NO. 32 OF 2013.**

**Plaintiff**:

1. Nanubhai Somabhai Bhaatia
   Vahorwad,
   At. Dakor,
   Tal. Thasra. Dist. Kheda.

**VERSUS**

**Defendant**:

1. Ishmailbhai Umarbhai Vahora, Admr of Jumma Masjid.
   Dakor
   DAKOR
   Tal. Thasra. Dist. Kheda.

2. Anilkumar Bhikhabhai Shah
   Yamunapark society,
   DAKOR
   Tal. Thasra. Dist. Kheda.

3. Jignesh Nanubhai Bhatia
   Dakor
   DAKOR
   Tal. Thasra. Dist. Kheda.

**Appearance:**
M.G.MALIK For Plaintiff 1

V.J.VARMA For Defendant 1, 2

---

**ORDER**

**Date : 13-07-2014**
**Place : DAKOR**

**( A. G. OZA )**
**TALUKA COURT**
**,**
**DAKOR.**

''આંક–પ લગત હુકમ''

(૧) સદર કામે રેકર્ડ વંચાણે લીધું, પક્ષકારોના વિ.વ.શ્રી.ઓને સાંભળ્યા, રજુઆત ધ્યાને લીધી અને રજુ અરજી વંચાણે લીધી.

(૨) વાદીની ની કામચલાઉ મનાઈ અરજીની ટુંક હકીકત જોઈએ તો, તેમાં જણાવ્યા મુજબ, મોજે ગામ ડાકોરમધ્યે નાના દરાજા રણછોડજી મંદીરની સામે લક્ષ્મીજીના મંદીર જવાના રોડ ઉપર ડાબા ખુણે આ કામના પ્રતિવાદી નંબર ૧ની દુકાન નંબર ૨/૧૧–૨૬/ ૩ જેનો સે.નં.૧૪૯૦–અ વાળી દુકાન આ કામના વાદીના ભાડા ભાગવાળી છેલ્લા ૨૦ વરસ ઉપરાંતથી આવેલી છે.જેમાં વાદી મગસ,સાકરીયા પ્રસાદ અને ગોટાના લોટનો ધંધો કરે છે.સદર દુકાન આ કામના પ્રા.વાદી નંબર ૧નાઓ પાસેથી આ કામના વાદીએ માસીક રુા. ૩૦૦/– નુ ભાડુ ઠરાવી પ્રા.વાદી નંબર ૧ ને નીયમીતરીતે ભાડુ ચુકવી પ્રતયક્ષ કબજે પ્રાપ્ત કરેલ છે.તે રીતેના તેઓ કાયદેસરના ભાડુઆત છે. ગોમતી તળાવ ઉપર''શ્રી ડંકનાથ મહાદેવ મંદીર ટ્રસ્ટ–ડાકોર'' નામનુ રજીસ્ટડ થયેલ ટ્રસ્ટ આવેલ છે. જેમા વાદીઓ ટ્રસ્ટીઓ છે, મજકુર ટ્રસ્ટ રજીસ્ટડ થયેલ છે, જેનો રજી. નં.એ./૨૦૦૨/ખેડા છે.મજકુર ટ્રસ્ટની મીલકત છે તેની આગળની બાજુમા ટ્રસ્ટની માલીકીની જમીનમા ઓટલાની જગ્યાએ ટ્રસ્ટે ચાર ટેબલો મુકેલ છે તેનો ઉપયોગ ચાર

ટ્રસ્ટીઓ છે તેઓ વાપરે છે, તેનો ઉપયોગ ભગવાનના વસ્ત્રો તથા ભકતીના સાધનો ના વેચાણ તરીકે વપરાય છે. આ રીતનો ઉપયોગ છેલ્લા દશ વરસ થી થતો આવેલ છે અને તે પ્ર.વાદી ૧અને ૨ની જાણમા ચાલતો આવેલ છે. પ્ર .વાદી–૨ની મીલકત જે મુળ રામજી મંદીરના તથા સત્યનારાયણ મંદીરના નામે ઓળખાતી હતી જેનો હાલ તેમને નામ બદલી ''ભકત બોડાણાનુ મંદીર''તેમ જણાવેલ છે. અને તે રીતે ઓળખાવા જાહેર કરેલ છે, જેથી અત્યારે તે મીલકત તેના સી.સવે નં. ૫૨૪૪અને ૫૨૪૬છે. જે ભકત બોડાણાના મંદીર તરીકે ઓળખાય છે, આ કામના પ્ર.વાદી નં–૨ની જણાવેલ મીલકત, વાદી ટ્રસ્ટની મીલકત સી.સનં. ૫૨૪૨ની દક્ષીણે આવેલ છે, પ્ર.વાદી નં.૨ મજકુર મીલકત વાપરે છે પરંતુ છેલ્લા છ માસથી કોઈકે એવી ચઢવણી કરી છે કે તેમની સવે નં. ૫૨૪૪તથા ૫૨૪૩ની જોડે જે ટ્રસ્ટની મીલકત આવેલ છે , તેનો ટ્રસ્ટીઓ દુરઉપયોગ કરી દબાણ કરી તેમની સવે નં. ૫૨૪૪,૫૨૪૬મા દખલગીરી કરે છે અને તેથી પ્ર.વાદી નં.૨નાઓએ આ બાબતે વધારે ગંભીરતા જણાય તેથી નં.૧ને તથા મામલતદારને વારંવાર અરજીઓ કરી અને તે રીતે આડકતરી રીતે વાદી ટ્રસ્ટીને તેમજ દુકાન ધારકો ને માનસીક ત્રાસ આપવા લાગેલા અને ઈમ?શનલ બ્લેકમેલીગ તથા લોકોની તેમજ સરકાર તેમજ નગરપાલીકાની તેના પ્રત્યક્ષ લાગણી અને સહકાર મળે`તેવા હેતુથી

જયા અને ત્યા અરજીઓ કરવા માડેલ અને અમો વાદીઓ સાથે પણ અણછાજતુ વતન કરવા માડેલ અને તેનો વીરોધ કરતા અમારા કાયદેસરના હકકનો બચાવ કરવા અમે અમારો વીરોધી તેઓ જયા જયા અરજી ઓ કરે ત્યા દશાવતા હતા તેમ છતાય તેઓ નામમકર થઈ છેલ્લા અઠવાડીયા થી સરકારને તેમજ નગર પાલીકાને અપવાસ કરવાની ઘમકીઓ આપતા હતા પરંતુ અમારો કાયદેસર કબજો તેમજ હકક વપરાશ હોઈ કોઈ તેમને ગાંઠતુ ન હતુ, પરીણામે પ્ર.વાદીનં.૧ને સરકાર તરફથી કાયવાહી કરવા જણાવતા નં૧નાઓ એ અમારી મીલકત ખાલી કરી તોડી નાખવાની અને હટાવવાની ધમકી આપી છે અને કાયદો હાથમા લઈ તેઓ અમને પૈસાથી ન વળે તેવુ પારાવાર નુકશાન કરવા પ્રયત્નો કરી રહયા છે, અમારો અમારી મીલકતમા કાયદેસરનો હકક અને કબજો છે તેમા દખલગીરી કરવાનો કોઈને અધીકાર નથી તેમ છતાય પ્ર.વાદી નં.૧માનતા હોય કે અમો કોઈ ગેરકાયદેસ ર કૃત્ય કરી રહયા છે તો તેઓ અમારી સામે કાયદેસરની પ્રકીયા કરી પગલા ભરી શકે છે. પરંતુ કાયદો હાથમા લઈ અમારા ટેબલો હટાવી ન શકે. જેથી અમારે તેમને કાયદેસરની પ્રકીયા કયા સીવાય અમારો કબજો ભોગવટો હટાવી ન લે જેથી હાલની આ અરજી કરવાની જરુર પડેલ છે.

વાદી તરફે આંક–૫ની કામચલાઉ અરજી રજુ કરી દાદ માગેલ છે કે આ દાવાનો આખરી નીકાલ સુધી આ કામના પ્ર.વાદીઓ અમારી સામે કાયદેસરની પ્રકીયા કયા સીવાય સીધી યા આડકતરી રીતે ખસેડે, ખસેડાવે નહી, તોડે તેમજ તોડાવે નહી તેમજ હાલ જે સ્થીતીમા છે તે સ્થીતીમા કાયદો હાથમા લઈ નુકશાન થાય તેવુ અગર ખસેડવી પડે તેવુ કૃત્ય કરે–કરાવે નહી, તેવી દાદ માંગવામા આવેલ છે.

જયારે સદર કામે વાદીની અરજીનું પ્રોસેસ આ કામના પ્રતિવાદીને બજતાં, પ્રતિવાદીએ હાજર થઈ આંક–૧૪ થી વાદીની દાવા તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ રજુ રાખી, વાદીઓની અરજીનો મહૃદઅંશે ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, નગર ડાકોરમાં વાંટારોડ વિસ્તારમાં હરિભકિતના ખાંચામાં ડાકોર નગરપાલિકા નં.૩૧ વાળી મીલ્કત–મકાન અમારી માલીકીનું હોવા બાબત તકરાર નથી, પરંતુ દાવાવાળું મકાન ફકત નીચે દળનું આવેલ હોવાની બીના ખરી નથી. દાવાવાળા મકાનમાં નીચે દળ તથા તેના ઉપર પ્રથમ માળ અને તેના ઉપર મથાળે કોરૂગેટેડ પતરાં જડિત આવેલ છે. વાદીએ કરેલ દાવાવાળી મીલ્કતનું વર્ણન યોગ્ય અને સાચું નથી અને સંપૂર્ણ નથી તેમજ અમારા સ્વ. પિતાએ દાવા નં.૯૧/૭૧નો કરેલો હોવા બાબત અને સદર દાવામાં સમાધાન થયેલ હોવા બાબત તકરાર નથી.

દાવાવાળા મકાનમાં વાદીના કબજામાં આવેલ નીચે ભોંયતળના ભાગમાં અમોએ સને ૧૯૭૪ના અરસામાં બહાર ઓટલા ઉપર પાકું સંડાસ બનાવી આપેલ તેમજ વીજ કનેકશન તથા પાણી માટે નળ કનેકશનના જોડાણો અમારા ખર્ચે વાદીને કરી આપેલ. માસિક રૂા.૧૧/– થી વધારી રૂા.૨૫/– ભાડું ઠરાવેલું હોવાની અને કોઈ ભાડું બાકી નહીં હોવાની હકીકત ખરી નથી. તા.૧/૯/૨૦૦૩ થી તા.૩૧/૧૧/૨૦૦૮ સુધીના કુલ ૬૩ માસના ભાડાની રકમ માસિક રૂા.૨૫/– લેખે કુલ રૂા.૧૫૭૫/– વાદીએ નોટીસ આપવા છતાં, અમોને આજદીન સુધી વસુલ આપેલ નથી. વાદી કાયદેસરરીતે છ માસ ઉપરાંતના બાકી ભાડાની રકમના કસુરદાર થયેલા હોવાથી દાવાવાળી નીચે ભોંયતળની મીલ્કતનો કબજો જાળવી રાખવાને હકકદાર નથી અને અમો કબજો મેળવવાને હકકદાર બનેલા છીએ તેમજ હાલનો દાવો દાખલ કરતાં અગાઉ રે.દિ.મુ.નં.૧૦૧/૭૮નો દાવો દાખલ કરેલો અને પ.અ.નં.૨/૭૬થી દાખલ કરેલી અને જેનો નિર્ણય થઈ ગયેલો હોઈ હાલના દાવાને રેસજયુડીકેટાનો બાધ નડતો હોઈ, વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ્દ થવાને પાત્ર છે તેમજ તેઓના જવાબમાં તેવી હકીકત જણાવેલ છે કે, વાદીનો પ્રાઈમાફેસી કેસ હોવાની અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં હોવાની અને સદર રીપેર કામ કરાવવામાં ન આવે તો આખું

મકાન તુટી પડે તેમ હોવાની અને વાદીના જાન–માલને અતિ ભયંકર કહેવાતું નુકશાન થાય તેમ હોવાની, અમોને કંઈપણ નુકશાન થાય તેમ નહીં હોવાની વિગેરે તમામ બીના ખરી નથી અને અમોને કબુલ નથી. પ્રાયમાફેસી કેસ અમારો સબળ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમારા તર્ફે છે, ઈરીપેરેબલ લોસ અમોને થાય તેમ છે, જેથી વાદીની મનાઈ અરજી રદૃ થવાને પાત્ર છે તેમજ સમય મર્યાદાના કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય સમયમાં સદરહુ દાવો કરેલો ન હોઈ વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો હોઈ રદૃ થવાને પાત્ર છે તેમ જણાવી વાદી પાસેથી આ દાવાનું ખર્ચ તથા સ્પેશીયલ કોમ્પેન્સેટરી કોસ્ટ રૂા.૨૫,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૪) જયારે સદર કામે વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા જોતાં, આંક–૩–ના લિસ્ટથી નિ.૩/૧ વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસ, નિ.૩/૨ એકનોલેજમેન્ટ, નિ.૩/૩ પ્રતિવાદીએ વાદીને આપેલ નોટીસનો જવાબ, નિ.૩/૪ વાદીએ પ્ર તિવાદીની નોટીસના જવાબનો ખુલાસો, નિ.૩/૫ થી એકનલોજમેન્ટ, નિ.૩/૬ દાવાવાળી મીલ્કતનું આકારણી પત્રક રજુ કરેલ છે તથા આંક–૨૧ના લિસ્ટથી નિ.૨૧/૧થી નિ.૨૧/૩ થી ડાકોર નગરપાલીકા ધ્વારા આપવામાં આવેલી કરોની પહોંચની ઝેરોક્ષ નકલો રજુ છે તથા આંક–૧૮થી કાઉન્ટર એફીડેવીટ

રજુ કરેલ છે.

જયારે પ્રતિવાદી તરફે આંક–૧૬ના લિસ્ટથી નિ.૧૬/૧થી નિ.૧૬/૫ સુધી વાદીના કબજામાં આવેલ દાવાવાળી મીલ્કત દર્શાવતો ફોટોગ્રાફસ રજુ કરેલ છે તથા

આંક–૨૫ના લિસ્ટથી નિ.૨૫/૧ થી ડાકોર સીવીલ કોર્ટના કો.મુ.નં.૧૦૧/૧૯૭૮ની આંક–૧૦૦ થી જજમેન્ટની નકલ રજુ કરેલ છે.

(૫) જયારે આ કામે વાદીના અને પ્રતિવાદીના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમા છે ?

(૩) શું માગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાંથી પણ ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન જવાની સંભાવના છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) નકારાત્મક

(૩) નકારાત્મક

(૪) આખરીહુકમ મુજબ.

:: કારણો ::

**(૮) મુદા.નં.૧થી ૩ ની સરળતા ખાતર સંયુકત ચર્ચા કરવામા આવેલ છે.**

વાદી તરફે આંક–૫ થી કામચલાઉ મનાઈ અરજી દાખલ કરી દાદ માંગવામાં આવેલ છે કે, દાવાવાળા મકાનમાં વાદી કાયદેસર ભાડુત હોઈ, આ અરજીના પેરા–૫ તથા ૬ માં જણાવ્યા મુજબનું ટેનન્ટેબલ રીપેર્સ અમો વાદી કરાવીએ તેમાં પ્રતિવાદી, તેમના માણસો, નોકરો, એજન્ટો, ટ્રાન્સફરીઝ કે એસાઈનીઝ અમોને કે અમારા માણસો, કડીયા, મજુરો વગેરેને કોઈપણજાતનો અટકાવ, રૂકાવટ કરે કરાવે નહીં તેવો કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીની વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

વાદી તરફે તેમની કામચલાઉ મનાઈ હુકમની અરજીના સમર્થનમાં દસ્તાવેજો રજુ થયેલ છે તેને લક્ષમાં લેતાં, નિ.૩/૧વાદીએ પ્રતિવાદીને આપેલ

નોટીસ, નિ.૩/૨ એકનોલેજમેન્ટ, નિ.૩/૩ પ્રતિવાદીએ વાદીને આપેલ નોટીસનો જવાબ, નિ.૩/૪ વાદીએ પ્રતિવાદીની નોટીસના જવાબનો ખુલાસો, નિ.૩/૫ થી એકનલોજમેન્ટ, નિ.૩/૬ દાવાવાળી મીલ્કતનું આકારણી પત્રક રજુ કરેલ છે તથા આંક–૨૧ ના લિસ્ટથી નિ.૨૧/૧ થી નિ.૨૧/૩ થી ડાકોર નગરપાલીકા ધ્વારા આપવામાં આવેલી કરોની પહોંચની ઝેરોક્ષ નકલો રજુ છે. આમ, વાદી તરફે પ્રથમદર્શનીય હકીકતો દર્શાવવાની જવાબદારી જે વાદી પક્ષની છે. વાદી તરફે આંક–૫ ની મનાઈ અરજી નિર્ણિત કરવાની છે ત્યારે સી.પી.સી.ના ઓર્ડર–૩૯ ને અદાલતે લક્ષમાં લેવો જોઈએ.

સી.પી.સી.ના ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ ની જોગવાઈઓને લક્ષમાં લ ેતાં,(૧) (એ) કોઈ દાવાની વાદગ્રસ્ત મિલ્કત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાનો કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે અથવા (બી) પ્રતિવાદી પોતાના લેણદારોને છેતરવાના માટે પોતાની મિલ્કત ખસેડવાની અથવા વ્યય કરી નાંખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા (સી) દાવામાં વાદગ્રસ્ત મિલ્કતથી વાદીનો કબજો છોડાવી લેવાનો અગર બીજીરીતે વાદીને વાદગ્રસ્ત મિલ્કતના સંબંધમાં હાનિ પહોંચાડવાની ધમકી આપે છે(૧૯૭૬ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ) તો અદાલત

હુકમ કરીને આવું કૃત્ય અંકુશિત કરવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકે અથવા આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના કાર્ય અથવા વ્યય સ્થગિત કરવા અથવા અટકાવવા તેને ઠીક લાગે તે હુકમ તે ઉદ્દેશથી કરી શકે અથવા વાદીને કબજાથી વંચિત કરવાના અથવા વાદગ્રસ્ત મિલ્કતના સંદર્ભમાં વાદીને અન્ય રીતે હાનિ થતી અટકાવવા(૧૯૭૬ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલા શબ્દો) અદાલતને ઠીક લાગે તેવો દાવાના નિકાલ સુધી અથવા બીજો હુકમ થાય નહીં ત્યાં સુધીનો હુકમ કરી શકે. (૨) કોર્ટ આવું કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈ હુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતાં સુધી, તે મિલ્કત વેડફાઈ જતી હોય તે, તેને નુકશાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડાતી

હોય તે અથવા પેટારૂલ–(૧) હેઠળના દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલ્કતના સંબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોંચાડવા માટે, કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથવા અન્યથા વાદીને આદેશ કરી શકે.

ઉપરોકત જોગવાઈઓને લક્ષમાં લેતાં, વાદી તરફે કામચલાઉ મનાઈ

અરજીના સંદર્ભે જે આંક–૩ ના લિસ્ટથી જે દસ્તાવેજો રજુ થયેલાં છે તે દસ્તાવેજો પ્રથમદર્શનીય હાલના તબકકે કહી શકાય નહીં તેમજ વાદી તરફે દાવા અરજીમાં જે દાદ માંગવામાં આવેલી છે તે જ પ્રકારની દાદ આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીમાં માંગવામાં આવેલી છે, જયારે દાવા અરજી તથા મનાઈ અરજીમાં માંગવામાં આવેલી દાદ એક જ પ્રકારની હોઈ ત્યારે તે પ્રકારની દાદ મંજુર કરી શકાય નહીં તેવું આ અદાલતનું માનવું છે.

વાદી તરફે રેન્ટ એકટની કલમ–૨૩ મુજબ દલીલ કરવામાં આવેલી છે, પરંતુ હાલના કામે જે દાવો દાખલ થયેલો છે તે ડેકલેરેશન સ્વરૂપનો જાથુનો મનાઈ હુકમનો દાવો કરવામાં આવેલો છે અને જેથી કોમન સીવીલ લો અને રેન્ટ એકટની જોગવાઈને લક્ષમાં લેતાં, હાલનો જે દાવો છે તે ડેકલ ેરેશન સ્વરૂપનો હોઈ, રેન્ટ એકટની જોગવાઈ હાલના દાવાને લાગુ પડી શકે નહીં તેવું આ અદાલતનું માનવું છે, જેથી વાદીની દલીલો ઉપરોકત મુદ્દા અન્વયે ટકી શકે તેમ નથી તેમજ નામ.ઉચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં લેતાં, "Before the issue

of a temporary injunction the court must satisfy itself that the plaintiff has a prima fascia case. To sustain an

application for temporary injunction, a probability of right is sufficient, but if the legal right, which is alleged to have infringed is doubtful, the mere existence of the doubt is enough to refuse temporary injunction. The party seeking the aid of the court for an injunction, must show that the act, complained of is in violation of his right or is at least an act which, if carried in to effect will necessary result in a violation of right." આમ, હાલના દાવાની મનાઈ અરજીની હકીકત તથા તેના સમર્થનમાં જે દસ્તાવેજો રજુ થયેલ છે તેને લ ક્ષમાં લેતાં, ઉપરોકત હકીકતો મુજબ વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી. આમ, જયારે પ્રથમદર્શનીય કેસ જ જો વાદીની તરફેણમાં ન હોય ત્યારે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા નાણાંથી ન ભરપાઈ થઈ શકે તેવું નુકસાન પણ વાદીને થાય તેમ જણાતું નથી. જેથી, મુદા નં.૧થી ૩નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

(૯) **<u>મુદ્દા નં.૪ :</u>**

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૪

પરત્વે આખરી હુકમ  નીચે મુજબ કરવામાં  આવે છે.

## // આ ખ રી હુ ક મ //

હાલની આંક–૫ ની મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ  કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ  નથી.

હુકમ  આજરોજ તારીખ ૨૯ મી માહે એપ્રિલ, સને ૨૦૧૩નાં  રોજ ખુલ્લી અદાલતમાં  વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૧૩.  (જે.પી.શુકલ)
પ્રિન્સી.જયુડી.મેજી.ફ.કલાસ,
ડાકોર.  ડાકોર.

### ''આંક–૫ લગત હુકમ''

(૧) સદર કામે રેકર્ડ વંચાણે લીધું, પક્ષકારોના વિ.વ.શ્રી.ઓને સાંભળ્યા, રજુઆત ધ્યાને લીધી અને રજુ અરજી વંચાણે લીધી.

(૨) વાદીની ની કામચલાઉ મનાઈ અરજીની ટુંક હકીકત જોઈએ તો, તેમાં જણાવ્યા મુજબ, મોજે ગામ ડાકોરમધ્યે નાના દરવાજા રણછોડજી મંદીરની સામે લક્ષ્મીજીના મંદીર જવાના રોડ ઉપર ડાબા ખુણે આ કામના પ્રતિવાદી નંબર ૧ની દુકાન નંબર ૨/૧૧–૨૬/ ૩ જેનો સે.નં.૧૪૯૦–અ વાળી દુકાન આ કામના વાદીના ભાડા ભાગવાળી છેલ્લા ૨૦ વરસ ઉપરાંતથી આવેલી છે.જેમાં વાદી મગસ,સાકરીયા પ્રસાદ અને ગોટાના લોટનો ધંધો કરે છે.સદર દુકાન આ કામના પ્રા.વાદી નંબર ૧નાઓ પાસેથી આ કામના વાદીએ માસીક રુ. ૩૦૦/– નુ ભાડુ ઠરાવી પ્રા.વાદી નંબર ૧ ને નીયમીતરીતે ભાડુ ચુકવી પ્રતયક્ષ કબજે પ્રાપ્ત કરેલ છે.તે રીતેના તેઓ કાયદેસરના ભાડુઆત છે. આ કામના પ્રા. નં. ૨ નો દાવાવાળી મીલ્કતમાં કોઈપણ જાતનો હકક હીતઅધીમાર લેવા કે દેવા ન હોવા છતાં દાવાળી

દુકાનમાં આ કામના વાદીના દીકરા કે જે પ્રા. નં. ૩ના ઓ છે જેમને ગેરમાર્ગે દોરીને નવો હકક ઉભા કરવા પ્રયત્નો કરી રહેલ છે . દાવાળી દુકાન સતત વીસ વરસ ઉપરાંતથી આ કામના વાદીના ભોગવટામાં આવેલ છે જેની નોંધ ડાકોર નગરપાલીકા તથા પ્રા. વાદી નં. ૧ના રજીસ્ટરમાં નોંધ થયેલ છે. અને આ કામના પ્રા. નં.ર નાની બદદાનત દાવાળી દુકાનમાં નવો ગેરકાયદેસર હકક ઉભો કરવા પ્રા. નં.૧ને હાથ ઉપર લઈ ભોગવટા તરીકે ગેર હકકે નામ દાખલ કરાવવા પ્રયત્નો કરી કરાવી રહયા હોવાની વાતની જાણ આ કામના વાદીને થતાં તારીખ ૧ ૬–૮–૧૩ તથા તા. ૧૮–૮–૧૩ના રોજ આ કામના વાદીએ નગરપાલીકામાં લેખીત વાંધા રજું કરેલ છે. આ કામના વાદી શરતોને આધીન દુકાનનું નીયમીત ભાડુ તથા વેરા ચુકવતા આવ્યા છે અને ચુકવે છે જે આ કામા પ્રા. વાદી નં. ૧વસુલ લઈને ભાડાની નોંધ પ્રા. વાદી નં. ૧મસ્જીદના ચોપડે થાય છે. પરંતુ તેની ભાડાની પાવતી પ્રા.વાદી નંબર ૧ આપતા નથી. પ્રા.વાદી નંબર ૧નાઓ દુકાનો કીંમત વધવાથી પ્રા. વાદી નંબર ર ના મેળાપીપણામાં આ કામના વાદીનો કાયમી કાયદેસરનો હકક નાબુદ કરવા પ્રયત્નો કરતા હોઈ પ્રા. વાદીઓ વીરુધ્ધ દાવો દાખલ કરી વચગાળાનો મનાઈ મેળવવા આ દાવો દાખલ કરીને આ કામના પ્ર

ા.વાદીઓ વીરુધ્ધ તેમના માણસો નોકરો ચાકરો એજન્ટ એસાઈનીઝ મળતીયાઓ વાદીની દાવાવાળી દુકાનમાં વાદીના ભોગવટામાં કોઈપણ પ્ર કારે ડખલ અંતરાય કરે કરાવે નહછ તેમજ ચાલુ વેપાર ધંધાવાળી દુકાનમાં વાદીના ભોગવટામાં હરકત અંતરાય કરે કરાવે નહી તેવો વચગાળાના મનાઈ મેળવવા આ દાવો દાખલ કરેલ છે.

આ કામે વાદીની અરજીનું પ્રોસેસ આ કામના પ્ર તિવાદીઓને બજતાં, પ્રતીવાદી નંબર ૧થી ૩નાઓએ હાજર થઈને આંક–૨૩ થી પ્રા. વાદી નંબર ક્ષ્અરનાએ આંક ૨૩થી તથા પ્રા. વાદી નંબ ૩નાએ આંક ૧૯ થી વાદીની દાવા તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ રજુ રાખી, વાદીની અરજીનો પ્રા.વાદી નં. ૧–૨ નાઓએ ઈનકાર કરેલ છે તથા પ્રા. નંબર ૩ના ઓ કે જેવાદીના દીકરા થાય છે તેઓઅ વાદીની અરજીને સંપુર્ણ સમર્થન આપી વાદીની મનાઈ મેળવવાની અરજી ખરી અને સત્ય હોવાનુ જણાવે છે તથા પ્રા.વાદી નંબર ૧–૨નાઓએ વાદીની દા તથા મનાઈ અરજીનો મહૃદઅંશે ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, સદર દાવામા જણાવેલ તમામ હકીકતો ખરી ન હોઈ કબુલ મંજર નથી. તેમજ વાદીની દાવાની દાદમાં જણાવેલ '' દાવાવાળી દુકાનના વાદી કબજેદાર ભાડેઆત તરીકે હોવાનુ ઠરાવો'' તે પ્રકારની દાદ તથા ભાડઆત તરીકે ઠરાવાની દાદ

એમ  બે પ્રકારની દાદ માંગેલ છે જે અંગે રેન્ટ એકટની કલમ  ૫ મુજબ માંગેલ દાદ રેન્ટ કોર્ટને રેન્ટ એકટની કલમ  ૨૮ હકુમત આપેલ છે. તેમજ વદીએ સ્પેશીફીક રીલફ એકટ નીચે મનાઈ હુકમની અને રેન્ટ એકટ મુજબભાડુત ઠરાવવાની એમ  બે પ્રકારની ભેગી માંગી હોઈ બે દાદો એક કોર્ટ બે જુદાજુદા કાયદા હેઠળ કેસ ચલાવવાની હકુમત નથી તેમ  કહીને હકુમતનો બાધ દાવાને નડે છે તેમ  જણાવેલ છે. વધુમાં  આ કામના પ્રા.વાદી નંબર ૧ –૨નાઓએ વાદીએ લીષ્ટથી ૨જુ કરેલ તમામ  દરસ્તાવેજી પુરાવાઓનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. વધુમાં  તેઓએ જણાવેલ ેકે દાવાવાળીદુકાન છેલ્લા વી વરસ ઉપરાંતથી વાદીના ભાડાવાળા ભાગમાં  આવેલ હોવાની તથા તેમાં  મગસ સાકરીયા વગેરેનો વેપાર કરવાની તેમજ માસીક રૂા. ૩૦૦/– ઠરાવી પ્રત્યક્ષ કબજે પ્રાપ્ત કર્યાની તથા વાદી ભાડુત હોવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. સદરકામે દાવાવાળી દુકાન સતત ૨૦ વરસ ઉપરાંતથી વાદીના ચોગવટામાં  હોવાની અને નગરપાલીકામાં  તથા પ્રતીવાદી નંબર ૧ના રજીસ્ટરમાં  નોંધ થયેલાની તથા પ્રતીવાદી નંબર ૨ પ્રતીવાદી નંબર ૧ના ભાડુઆત નથી તેમજ ભાડુઆત તરીકેનું  કોઈપણ લખાણ કરી આપેલ નથી તે તમામ  હકીકતોનું  ખંડન કરેલ છે.

સદર જવાબમાં  તેઓએ અરી હકીકત જણાવ્યા અંગે પ્રા. વાદી નંબર

૧નાએ પ્રા.વાદી નંબર ૨ નાને કાયદેસરના ભાડુત સ્વીકારી ભાડા ચીઠ્ઠી કરી ભાડાની પહોંચો આપેલ છે. તા. ૧–૯–૨૦૦૪થી કબજેદાર છે તથા દર માસ ે રૂા. ૫૦૦/– ભાડુ આપે છે તથા ડાકોર નગરપાલીકાના રેકર્ડમાં પણ પ્ર તીવાદીનું કબજેદાર તરીકે નામ ચાલે છે તેમજ જુદી જુદી સરકારી કચેરીઓમાં પ્રતીવાદી નંબ ૨ નુ નામ કબજેદાર તથા ભાડુત હકકથી દાવાવાળી દુકાનમાં ધંધો કરતા હોવાનુ નોંધાયેલ છે. જેથી વાદીની મનાઈ અરજી રદ્દ થવાને પાત્ર છે તેમજ સમય મર્યાદાના કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય સમયમાં સદરહુ દાવો કરેલો ન હોઈ વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો હોઈ રદ્દ થવાને પાત્ર છે તેમ જણાવી વાદી પાસેથી આ દાવાનું ખર્ચ તથા સ્પેશીયલ કોમ્પેન્સેટરી કોસ્ટ રૂા.૨૫,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૪) જયારે સદર કામે વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા જોતાં, આંક–૩–ના લિસ્ટથી નિ.૩/૧વાદીએ રજું કરેલ સને ૨૦૧૨ – ૨૦૧૩ની આકારણી પત્રકની ઝેરોક્ષ કોપી, નિ.૩/૨થી સને ૨૦૧૨–૧૩ની વેરા ભર્યાની પાવતીની ઝેરોક્ષ કોપી, નિ.૩/૩ વાદીએ નગરપાલીકામાં તા. ૧૬–૮–૧૩ના રોજ આપેલ વાંધા અરજીની ઝેરોક્ષ નકલ, નિ.૩/૪ વાદીએ તા. ૧૯–૮–૧૩ના રોજ નગરપાલીકામાં આપેલ વાંધા અરજીની ઝેરોક્ષ નકલ, નિ.૩/૫ થી તા. ૧

૮–૮–૧૩ના રોજ આપેલ નગરપાલીકામાં નામ સુધારણાની વાંધા અરજીની ઝેરોક્ષ નકલ, નિ.૩/૬ નગરપાલીકા ડાકોરનાઓએ મળેલ તા. ૧૬–૮–૧૩ તથા ૨૬–૯–૧૩ના રોજની આપેલ અરજીઓની પહોંચ નં. ૭૫૮ તથા ૧૦૭૧ની અસલ પહોચો રજુ કરેલ

છે. વધુમાં આ કામે વદી તરફે પુરતો સમય આપવા છતાં કાઉન્ટર કલ ેઈમની અરજી રજુ નકરતાં તેઓઅનો કાઉન્ટર કલેઈમની અરજી રજુ કરવાનો હકક બંધ કરેલ છે.

જયારે પ્રતિવાદી નંબર ૧–૨ તરફે આંક– ૨૫ના લિસ્ટથી નિ.૨૫/૧થી નિ. ૨૫/ ૯ સુધી ના દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલો રજુ કરેલ છે જેમાં ની.૧ થી પ્રા.વાદીનં ૧–૨ વચ્ચે થયેલ તા. ૧–૯–૦૪ ની ભાડચીઠ્ઠીની ઝેરોક્ષ કોપી, ની.૨થીપ્રા. વાદી નંબર ૨ નાએ પ્રા.વાદી નંબર ૧નાને તા. ૧–૧૦–૧૨ના રોજ ચુકવેલ ભાડાની પહોચની ઝેરોક્ષ નકલ, ની. ૩થી પ્રા.વાદી નં. ૧નાએ પ્રા. વાદી નંબર ૨ ને ભાડુઆત તરીકે હોવાનો તા. ૨૬'૭–૧૩ના દાખલાની ઝેરોક્ષ નકલ, ની.૪ થી તા. ૨૭–૭–૧૨ના રોજ પ્રા. વાદી નં.૨નાને ખોરાક ઔષધ નીયમન તંત્ર ગુજરાત રાજય રજીસ્ટ્રેશનની ઝેરોક્ષ કોપી, ની. ૫થી કાનુની માપવીજ્ઞાન અધીકારીનું ખરાઈ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા ની. ૬ થી ભારત સ્કેલ રીપેરીંગ વર્કસ ડાકોરનાઓનુ તા. ૫–૯–૧૨નારોજના કેશ

મેમાનું વાઉચર રજું કરેલ છે.નીશાની ૭ થી ડાકોર નગરપાલીકાનું સને ૨૦૧૩–૧૪ના વર્ષના આકારણી પત્રકની ઝેરોક્ષ કોપી તેમજ નીશાની ૮થી ડાકોર નગર પાલીકામાં સને ૨૦૧૩–૧૪ના વરસની વેરાનીપાવતીની ઝેરોક્ષ કોપી તેમજ નીશાની ૯થી કબજામાં આવેલ દાવાવાળી મીલ્કત દર્શાવતો ફોટોગ્રાફસ રજુ કરેલ છે .

(૫) જયારે આ કામે વાદીના અને પ્રતિવાદીના વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમા છે ?

(૩) શું માગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ના આવે તો વાદીને નાણાંથી પણ ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન જવાની સંભાવના છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) નકારાત્મક

(૩) નકારાત્મક

(૪) આખરીહુકમ મુજબ.

**:: કારણો ::**

**<u>(૮) મુદા.નં.૧થી ૩ ની સરળતા ખાતર સંયુકત ચર્ચા કરવામા આવેલ છે.</u>**

વાદી તરફે આંક–૫ થી કામચલાઉ મનાઈ અરજી દાખલ કરી દાદ માંગવામાં આવેલ છે કે, દાવાવાળા મકાનમાં વાદી કાયદેસર ભાડુત હોઈ, આ અરજીના પેરા– ૬ માં જણાવ્યા મુજબ અમો વાદીને આ કામના પ્રતિવાદી, તેમના માણસો, નોકરો, એજન્ટો, ટ્રાન્સફરીઝ કે એસાઈનીઝ અમોને દાવાવાળી દુકાનમાં વાદીના ભોગવટામાં કોઈપણ પ્રકાર દખલ અંતરાય કરે કરાવેનહી ચાલુ વેપારે ધંધાવાળી દાવાવાળી દુકાનો વાદીના ચોગવટામાં હરકત અંતરાય કરે કરાવે નહીં તેવો કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદીની વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(૪) જયારે સદર કામે વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા જોતાં, આંક–૩–ના લિસ્ટથી નિ.૩/૧વાદીએ રજું કરેલ સને ૨૦૧૨ – ૨૦૧૩ની આકારણી પત્રકની ઝેરોક્ષ કોપી, નિ.૩/૨થી સને ૨૦૧૨–૧૩ની વેરા ભર્યાની

પાવતીની ઝેરોક્ષ કોપી, નિ.૩/૩ વાદીએ નગરપાલીકામાં તા. ૧૬–૮–૧ ૩ના રોજ આપેલ વાંધા અરજીની ઝેરોક્ષ નકલ, નિ.૩/૪ વાદીએ તા. ૧૯–૮–૧૩ના રોજ નગરપાલીકામાં આપેલ વાંધા અરજીની ઝેરોક્ષ નકલ, નિ.૩/૫ થી તા. ૧૮–૮–૧૩ના રોજ આપેલ નગરપાલીકામાં નામ સુધારણાની વાંધા અરજીની ઝેરોક્ષ નકલ, નિ.૩/૬ નગરપાલીકા ડાકોરનાઓએ મળેલ તા. ૧૬–૮–૧૩ તથા ૨૬–૯–૧ ૩ના રોજની આપેલ અરજીઓની પહોંચ નં. ૭૫૮ તથા ૧૦૭૧ની અસલ પહોચો રજુ કરેલ છે. વધુમાં આ કામ વાદી તરફે તેમની કામચલાઉ મનાઈ હુકમની અરજીના સમર્થનમાં દસ્તાવેજો રજુ થયેલ છે તેને લ ક્ષમાં લેતાં, નિ.૩/૧ વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસ, નિ.૩/૨ એકનોલ ેજમેન્ટ, નિ.૩/૩ પ્રતિવાદીએ વાદીને આપેલ નોટીસનો જવાબ, નિ.૩/૪ વાદીએ પ્રતિવાદીની નોટીસના જવાબનો ખુલાસો, નિ.૩/૫ થી એકનલોજમેન્ટ, નિ.૩/૬ દાવાવાળી મીલ્કતનું આકારણી પત્રક રજુ કરેલ છે તથા આંક–૨૧ના લિસ્ટથી નિ.૨૧/૧થી નિ.૨૧/૩ થી ડાકોર નગરપાલીકા ધ્વારા આપવામાં આવેલી કરોની પહોંચની ઝેરોક્ષ નકલો રજુ છે. આમ, વાદી તરફે પ્રથમદર્શનીય હકીકતો દર્શાવવાની જવાબદારી જે વાદી પક્ષની છે. વાદી તરફે આંક–૫ ની મનાઈ અરજી નિર્ણિત કરવાની છે ત્યારે સી.પી.સી.ના ઓર્ડર–૩૯ ને અદાલતે લ

ક્ષમાં   લેવો જોઈએ.

સી.પી.સી.ના  ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ ની જોગવાઈઓને લક્ષમાં  લ ેતાં,(૧) (એ) કોઈ દાવાની વાદગ્રસ્ત મિલ્કત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાનો કોઈ પક્ષકાર ધ્વારા  હસ્તાંતર થવાનો ભય  છે અથવા  કોઈ હુકમનામાની બજવણીમાં   વેચાઈ જવાનો ભય  છે અથવા  (બી) પ્રતિવાદી પોતાના  લેણદારોને છેતરવાના  માટે પોતાની મિલ્કત ખસેડવાની અથવા  વ્યય કરી નાંખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા  (સી) દાવામાં વાદગ્રસ્ત  મિલ્કતથી  વાદીનો  કબજો  છોડાવી  લેવાનો  અગર બીજીરીતે વાદીને વાદગ્રસ્ત મિલ્કતના  સંબંધમાં   હાનિ પહોંચાડવાની ધમકી આપે છે(૧૯૭૬ના  સુધારણા  અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ) તો અદાલત હુકમ  કરીને આવું કૃત્ય  અંકુશિત કરવા  કામચલાઉ મનાઈ હુકમ  આપી શકે અથવા  આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના  કાર્ય અથવા વ્યય  સ્થગિત કરવા  અથવા  અટકાવવા  તેને ઠીક લાગે તે હુકમ  તે ઉદ્દેશથી કરી શકે અથવા  વાદીને કબજાથી વંચિત કરવાના  અથવા  વાદગ્રસ્ત મિલ્કતના  સંદર્ભમાં  વાદીને  અન્ય  રીતે  હાનિ  થતી અટકાવવા(૧૯૭૬ના  સુધારણા  અધિનિયમથી  ઉમેરાયેલા  શબ્દો) અદાલતને ઠીક લાગે તેવો દાવાના  નિકાલ  સુધી અથવા  બીજો હુકમ  થાય

નહીં ત્યાં સુધીનો હુકમ કરી શકે. (૨) કોર્ટ આવું કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈ હુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતાં સુધી, તે મિલ્કત વેડફાઈ જતી હોય તે, તેને નુકશાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડાતી

હોય તે અથવા પેટારૂલ–(૧) હેઠળના દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલ્કતના સંબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોંચાડવા માટે, કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથવા અન્યથા વાદીને આદેશ કરી શકે.

ઉપરોકત જોગવાઈઓને લક્ષમાં લેતાં, વાદી તરફે કામચલાઉ મનાઈ અરજીના સંદર્ભે જે આંક–૩ ના લિસ્ટથી જે દસ્તાવેજો રજુ થયેલાં છે તે દસ્તાવેજો પ્રથમદર્શનીય હાલના તબકકે કહી શકાય નહીં તેમજ વાદી તરફે દાવા અરજીમાં જે દાદ માંગવામાં આવેલી છે તે જ પ્રકારની દાદ આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજીમાં માંગવામાં આવેલી છે, જયારે દાવા અરજી તથા મનાઈ અરજીમાં માંગવામાં આવેલી દાદ એક જ પ્રકારની હોઈ ત્યારે તે પ્રકારની દાદ મંજુર કરી શકાય નહીં તેવું આ અદાલતનું માનવું છે.

વાદી તરફે રેન્ટ એકટની કલમ–૨૩ મુજબ દલીલ કરવામાં આવેલી છે, પરંતુ હાલના કામે જે દાવો દાખલ થયેલો છે તે ડેકલેરેશન સ્વરૂપનો જાથુનો મનાઈ હુકમનો દાવો કરવામાં આવેલો છે અને જેથી કોમન સીવીલ લો અને રેન્ટ એકટની જોગવાઈને લક્ષમાં લેતાં, હાલનો જે દાવો છે તે ડેકલ ેરેશન સ્વરૂપનો હોઈ, રેન્ટ એકટની જોગવાઈ હાલના દાવાને લાગુ પડી શકે નહીં તેવું આ અદાલતનું માનવું છે, જેથી વાદીની દલીલો ઉપરોકત મુદ્દા અન્વયે ટકી શકે તેમ નથી તેમજ નામ.ઉચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં લેતાં, "Before the issue of a temporary injunction the court must satisfy itself that the plaintiff has a prima fascia case. To sustain an application for temporary injunction, a probability of right is sufficient, but if the legal right, which is alleged to have infringed is doubtful, the mere existence of the doubt is enough to refuse temporary injunction. The party seeking the aid of the court for an injunction, must show that the act, complained of is in violation of his right or is at least an act which, if carried in to effect will necessary

result in a violation of right." આમ, હાલના દાવાની મનાઈ અરજીની હકીકત તથા તેના સમર્થનમાં જે દસ્તાવેજો રજુ થયેલ છે તેને લ ક્ષમાં લેતાં, ઉપરોકત હકીકતો મુજબ વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી. આમ, જયારે પ્રથમદર્શનીય કેસ જ જો વાદીની તરફેણમાં ન હોય ત્યારે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા નાણાંથી ન ભરપાઈ થઈ શકે તેવું નુકસાન પણ વાદીને થાય તેમ જણાતું નથી. જેથી, મુદા નં.૧થી ૩નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

(૯) **<u>મુદ્દા નં.૪ :</u>**

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૪ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**// આ ખ રી હુ ક મ //**

હાલની આંક–૫ ની મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૨૯ મી માહે એપ્રિલ, સને ૨૦૧૪નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૧૪. (જે.પી.શુકલ)

પિન્સી.સીવીલ જજ

ડાકોર. ડાકોર.